# ગુજરાત જાહેર સેવા આયોગ

સેક્ટર-૧૦-એ, છ-૩"પરિણામ" સર્કલ પાસે,"છ"રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નં- (૦૭૯)-૨૩૨-૫૮૯૮૦ WebSite : https://gpsc.gujarat.gov.in

## :: જાહેરાત ક્રમાંક : ૨૮/૨૦૨૪-૨૫, રાજ્ય વેરા નિરીક્ષક, વર્ગ-૩ ની પ્રાથમિક કસોટીમાં હાજર રહેવા સંમતિ Re-Open કરવા બાબત ::

**જાહેરાત ક્રમાંક : ૨૮/૨૦૨૪-૨૫, રાજ્ય વેરા નિરીક્ષક, વર્ગ-૩** ની પ્રાથમિક કસોટી તા.૨૨/૧૨/૨૦૨૪ ના રોજ યોજાનાર છે. પ્રસ્તુત પરીક્ષામાં ઉપસ્થિત રહેવા અંગે "પરીક્ષા આપવા માટેની સંમતિ" આયોગ દ્વારા તા.૨૫/૧૧/૨૦૨૪ થી તા.૦૨/૧૨/૨૦૨૪ ના રોજ સવારે ૧૦:૦૦ કલાક સુધીમાં લેવામાં આવેલ હતી **પરંતુ "પરીક્ષા આપવા માટેની સંમતિ" ભરવાની રહી ગયેલ ઉમેદવારો તરફથી બહોળી સંખ્યામાં મળેલ રજૂઆતોને ધ્યાને લેતાં ખાસ કિસ્સામાં પ્રસ્તુત જાહેરાતની પ્રાથમિક કસોટીમાં ઉપસ્થિત રહેવા "પરીક્ષા આપવા માટેની સંમતિ"** https://gpsc-ojas.gujarat.gov.in **પર તા.૦૩/૧૨/૨૦૨૪ ના રોજ સવારે ૧૦:૧૫ કલાક થી પુન: ખોલવામાં (Re-Open) આવેલ છે. આ "પરીક્ષા આપવા માટેની સંમતિ" તા.૦૪/૧૨/૨૦૨૪ ના રોજ સવારે ૧૦:૦૦ કલાક સુધી આપી શકાશે. તા.૦૪/૧૨/૨૦૨૪ ના રોજ સવારે ૧૦:૦૦ કલાક બાદ કોઈ પણ ઉમેદવાર પરીક્ષા આપવાનું સંમતિ ફોર્મ ભરી શકશે નહીં.**

**૨.** ઉપર્યુક્ત "પરીક્ષા આપવા માટેનું સંમતિ ફોર્મ" અંગેની અન્ય સૂચનાઓ આયોગની તા.૨૫/૧૧/૨૦૨૪ ની અગત્યની જાહેરાત મુજબ યથાવત રહેશે.

**આયોગની વિવિધ ભરતીમાં ભાગ લેતા ઉમેદવારો માટે સ્થાયી સૂચના :-**

- ❖ **ભવિષ્યમાં આયોગની કોઇ પણ ભરતીમાં "પરીક્ષા આપવા માટેની સંમતિ" માટેની વિન્ડો ફરી ખોલવામાં આવશે નહીં. આથી ઉમેદવારોએ કાળજી રાખી સમયસર સંમતિ ફોર્મ ભરી દેવાનું રહેશે.**

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૦૩/૧૨/૨૦૨૪

સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ